## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



બા, તમે સાંભળો છો ઓછું... નાગાલેન્ડમાં જીત્યા નાગાઈ કરીને નહીં...!!!

# સરગાસણ ગુડાના મકાનોની સાઈટ પરથી ૨૬ લાખના ક્રોંકીટ પંપની ચોરી

ગાંધીનગર,તા.૪

ગાંધીનગરના સરગાસણ ટીપી ૮ માં ગુડાના મકાનોની સાઈટ પરથી રૂ.૨૬ લાખના ક્રોંકીટ પંપ મશીનની ચોરી થવા પામી છે. ગુડાના સરકારી આવાસ ઈ બ્લોક ની આગળ ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલા મશીનની ઉંઠાતરી થતા ચકચાર મચી જવા પામી છે.જયારે બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ક-૭ બંસરી ગ્રીનસીટી-૨ ખાતે રહેતા કિરણ શંકરભાઈ ચૌધરી દેવી ઈન્ફ્રા કંપની ચલાવે છે. સરકારી ટેન્ડર રાખી બિલ્ડીંગ બાંધકામનું કામ કાજ કરે છે. જયારે કંપનીમાં કિરણભાઈ અને તેમના ભાઈ ભાગીદાર છે. હાલ કંપનીનું કામ સરગાસણ સીમમાં સરકારી આવાસ યોજના (ગુડા) ટીપી-૮ આર ૪૭ ખાતે કાર્યરત છે. ગતરોજ રાત્રીના આઠ વાગ્યાના અરસામાં કિરણભાઈને તેમના એન્જીનિયર તરીકે કામ કરતા ભાસ્કરભાઈનો ફોન આવ્યો હતો. તેઓએ જણાવ્યું કે સરગાસણ ખાતેની સાઈડ પરથી ક્રોંકીટ પંપનું મશીન ચોરી થયુ ગયુ છે. જેથી કિરણભાઈ તાત્કાલીક સાઈડ પર દોડી ગયા હતા અને જોયુ તો ક્રોંકીટ મશીન ન હતું. મસીન અંગે પુછપરછ કરતા ગત તા.૨૮ ફ્રેબુઆરીના રોજ રાત્રીના આઠ વાગે કર્મચારી લાઈટ ચાલુ કરવા માટે ગયો હતો.તે સમયે બ્લોક નં.ઈ ની આગળ ખુલ્લી જગ્યામાં મશીન પડ્યું હતું.

જયારે બીજા દિવસે સવારે તા.૧ માર્ચના રોજ સવારે સાત વાગે ક્રોંકીટ પંપ મશીન દેખાયુ ન હતું.આ મશીન ખુબ જ વધારે વજન ધરાવતુ હોય છે. આ મશીન વજનદાર હોવાથી તેને ખસેડવા માટે કોઈ વાહનની જરુર પડે છે.જયારે મશીન અંગે આસપાસ તેમજ અન્ય અમારી સાઈટો પર તપાસ કરવા છતા મળી ન આવતા રૂ.૨૬ લાખના કોંકીંટ પંપની ચોરી થવા પામી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો કેસ નોંધાયો નથી.
- ગાંધીનગરમાં ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા ત્રીજા ''લાઈનમેન દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ ઓછુ દેખાયુ હતુ.
- ગરમીનો પ્રકોપ વધતાં ચા ની કીટલીઓ પર ઘરાકીમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર મનપા દ્વારા ભાટ ખાતે સુવર્ણપ્રાશન સંસ્કારનો કાર્યક્રમ યોજાયો હતો.
- દહેગામ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની કારોબારી બેઠક યોજાઈ હતી.
- દહેગામના હરખજીના મુવાડા ગામના યુવકે ગાંધીનગરના મગોડી ગામના વેપારી પર હુમલો કર્યાની ઘટના નોંધાઈ છે.
- જિલ્લામાં આજે જળસંચય મિશન અંતર્ગત ગ્રામસભાઓ યોજાઈ હતી.
- દહેગામ શહેરની એક દુકાનમાં પતરા ખોલી રૂ. ૧ લાખથી વધુ મત્તાની ચોરીએ ચકચાર જગાવી છે.
- દહેગામ નજીક ગમખ્વાર અકસ્માતમાં દાદા-દોહિત્રીનુ મોત થયુ છે તો દાદી ગંભીર હોવાનું જાણવા ણળેલ છે.
- માણસામાં વેજીટેબલની દુકાન આગળ પાર્ક કરેલ બાઈક ગઠિયો ચોરી કરી ફરાર થયાની ઘટના નોંધાઈ છે.
- અસારવા-જયપુર ટ્રેઈનનું આજે દહેગામ રેલ્વે સ્ટેશન પર સ્વાગત કરવામાં આવ્યુ હતુ.
- ગાંધીનગરમાં આર.વર્લ્ડ કોમ્પલેકસના પાર્કિંગમાંથી બાઈકચોરીની ફરિયાદ નોંધાઈ છે.
- કલોલના છત્રાલ ગામના આધેડ પર સામાન્ય બાબતે એક શખ્સ દ્વારા હુમલો કરાયાની ઘટના નોંધાઈ છે.
- ધણપ-હાલીસા રોડની હાલત એટલી ખરાબ થઈ છે કે તેને દુરસ્ત કરવામાં તંત્ર દ્વારા દાખવવામાં આવતી ઉદાસીનતાએ રોષની લાગણી પંથકમાં ઉભી થઈ છે.
- ગાંધીનગર શહેરમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની ગાડીઓ અનિયમિત બનતાં નગરજનોમાં રોષની લાગણી ઉભી થઈ છે.
- ગાંધીનગરની કચેરીઓમાં મુલાકાતીઓની સંખ્યા ઘટી જવા પામી છે.
- ગાંધીનગર શહેર માટે નવી પાર્કિંગ પોલીસી એપ્રિલના આરંભે આખરી થવાના સંકેતો મળી રહ્યા છે.

## ડીંગુચા પ્રાથમિક શાળાની કૃતિ રાજ્યકક્ષાના ઈનોવેશન ફેરમાં રજૂ કરાઈ



ગાંધીનગર, તા. ૪

ઈડર ખાતે યોજાયેલ રાજ્યકક્ષાના એજ્યુકેશનલ ઈનોવેશન ફેરમાં ડીંગુચા પ્રાથમિક શાળાના શિક્ષક જિજ્ઞાસાબેન પ્રજાપતિ દ્વારા 'લર્નિંગ ઈંગ્લિશ વિથ ઈજી મોડ' શીર્ષક હેઠળ ઈનોવેશન રજૂ કરવામાં આવ્યુ હતું.

રાજયના કુલ ૧૬૭ શિક્ષકોએ ભાગ લીધો હતો. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર ધોરણ-૧ અને ૨ માં અંગ્રેજી વિષય ઉમેરાયો છે. બાળકો અંગ્રેજી વિષય સરળતાથી રમતા-રમતા શીખી શકે તે માટે આ ઈનોવેશન રજૂ કરવામાં આવ્યુ હતુ. જેમાં બાળકો પોતાનો પરિચય, આલ્ફાબેટ, વિવિધ ગેમ્સ તથા અવનવી પ્રવૃત્તિઓ દ્વારા અંગ્રેજી વિષય શીખવાડવામાં આવે છે.

## સ્વામીનારાયણ ઈન્ટરનેશનલ સ્કુલ પાસે બાઈક સ્લીપ ખાઈ જતા ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૪

રાંદેસણ ગામની સીમમાં આવેલી સ્વામીનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કુલના ગેટ નં.૮ સામે માર્ગ પર બાઈક સ્લીપ ખાઈ જતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત આધેડનું ગંભીર ઈજાને પગલે સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાંદેસણ ઉર્જાનગર વિભાગ-૧ સિધ્ધી દાતા આલય સોસાયટીમાં રહેતા રેવતીબેન દેસાઈના પરિવારમાં મોટો પુત્ર રનજયભકત અને બીજો દિકરો મહાજય આઝાદ છે. જયારે સિદ્ધાર્થ ગન્નામા રાજુ દેસાઈ બેંક ઓફ અમેરીકા કંપનીમાં સિનિયર સોફટવેર એન્જીનિયર તરીકે છેલ્લા પંદર વર્ષથી નોકરી કરતા હતા. જેઓ ઘરે બેસીને નોકરીનુ કામ કરતા હતા.ગતરોજ શુક્રવારની રાત્રે રેવતીબેન ઘરે હાજર હતા. તે સમયે મધરાતે તેમના સાસુએ ફોન કરી જાણ કરી હતી કે સિધ્ધાર્થના ફોન ઉપરથી કોઈ અજાણી વ્યકિતનો ફોન આવ્યો હતો અને કહેવા લાગ્યો કે આ મોબાઈલ નંબરવાળા વ્યકિત બાઈક ચલાવીને જઈ રહ્યા હતા. તે સમયે સ્વામીનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કુલ ગેટ નં.૮ની સામે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા બાઈક સ્લીપ ખાઈ ગયું હતુ. જેથી તેમના શરીરે તેમજ કપાળના ભાગે ઈજાઓ પહોંચી હતી. જેથી સિવિલ હોસ્પિટલ આવવા માટે જણાવ્યું હતું. જેથી રેવતીબેન તાત્કાલીક ગાંધીનગર સિવિલ ખાતે પહોચી ગયા હતા. જયાં ઉપરોકત સ્થળે અકસ્માત થયો હોવાથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત સિધ્ધાર્થનું મૃત્યુ નિપજયુ હોવાનું જાણવા મળ્યું હતું. બનાવની જાણ થતા ઈન્ફોસીટી પોલીસ પણ ઘટના સ્થળે દોડી જઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



ગાંધીનગર નજીક આવેલા પાલજ ગામની હોળી ખૂબ વિખ્યાત છે. હોળી નજીક આવી રહી હોવાથી પાલજ ગામમાં તેની તૈયારીઓ પણ શરૂ થઈ ચૂકી છે. આસપાસના ગ્રામજનો પણ તૈયારીમાં જોડાયા છે.

## જળસંચય મિશન અંતર્ગત ઈસનપુર મોટા ખાતે ગ્રામસભા યોજાઈ

### પાણી બચાવો અંગેના શપથ લેવડાવ્યા



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગ્રામ પંચાયત ખાતે ગામના સરપંચ મીરાબેન કાન્તીજી ઠાકોરના પ્રમુખપદે એક ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગ્રામસભામાં ખાસ જળ એજ જીવન જળ મિશન અંતર્ગત પાણી બચાવો તથા ૧૫મા નાણાંપંચના વિકાસના કામો, ઔડા દ્વારા વિકાસલક્ષી કાર્યોની ચર્ચા સાથે સભામાં પાણી બચાવો અંગેના શપથવિધિ યોજાઈ હતી. આ સભામાં તલાટી કમ મંત્રી આર.જી. જાની સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ગાંધીનગર ખાતે વિશ્વ મહિલા દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા.૪

દર વર્ષે ૮મી માર્ચને સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા. ૫મી માર્ચના રોજ સવારે ૦૯-૦૦ કલાકે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે મહિલા સંમેલનનું આયોજન કરાયું છે તેમ કમિશ્નર,મહિલા અને બાળ વિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયાનુસાર આ પ્રસંગે રાજ્યની મહિલા ઉદ્યમીઓ દ્વારા શરૂ કરાયેલ સ્ટાર્ટઅપ તથા મહિલા આંત્રપ્રિનિયોરને પ્રોત્સાહન આપવા ૦૩ મહિલા ઉદ્યમીઓનું સન્માન કરી તેઓની કામગીરીને બિરદાવવામાં આવશે. ઉપરાંત જામનગર અને સાબરકાંઠા જિલ્લાના સખી વન સ્ટોપ સેન્ટરનું ઈ-લોકાર્પણ, ગુજરાત મહિલા વિકાસ એવોર્ડ વિતરણ, માતા યશોદા એવોર્ડ વિતરણ, ૧૮૧ અભયમ હેલ્પલાઈનની શોર્ટ ફિલ્મનું અનાવરણ, વ્હાલી દીકરી યોજનાના મંજુરી હુકમ વિતરણ, નિર્ભયા ફંડ હેઠળ ૧૮૧ અભયમ્ હેલ્પલાઈનને ૧૨ વાહનોનું લોકાર્પણ, અન્નપ્રાસન, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજનાના ચેક વિતરણ, મહિલા સ્વાવલંબન યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ, તથા પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર ૨૦૨૨ના વિજેતાનુ સન્માન જેવા કાર્યક્રમો યોજાશે તેમ વધુમાં જણાવાયું છે.

## વૃધ્ધની નજર ચુકવી બેંકમાંથી ગઠીયો રૂ.૬૦ હજાર ભરેલુ પર્સ લઈ ફરાર

### સેકટર-૨૧ બેંક ઓફ બરોડાનો બનાવ, બેંકના કેમેરામાં ચોર કેદ

ગાંધીનગર,તા.૪

શહેરની બેંક ઓફ ઈન્ડીયામાંથી સવારે ૧૧ વાગ્યાના અરસામાં ગ્રાહકોની ભીડ વચ્ચે થી રૂ.૬૦ હજાર રોકડ અને જરુરી ડોક્યુમેન્ટ ભરેલી બ્રીફકેસ ચોરીને અજાણ્યો શખ્સ નાસી જતા ચકચાર મચી જવા પામી છે. ત્યારે શહેરમાં ઘર પાસે પાર્ક કરેલા વાહનો તો સલામત રહ્યા નથી, પરંતુ હવે તસ્કરોએ બેંકમાં અંદર જઈને ચોરીની ઘટનાને અંજામ આપતા બેંકની સલામતીને લઈ પણ અનેક પ્રશ્નો ઉભા થયા છે.બનાવ અંગે સેકટર-૨૧ પોલીસમાં ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૮ પ્લોટ નં.૯૧ માં રહેતા ૬૯ વર્ષિય મનોજભાઈ પ્રકાશચંદ્ર મિત્તલ એરફોર્સમાંથી નિવૃત થયા છે. આજરોજ મનોજભાઈ પત્ની રેખા સાથે સેકટર-૨૧ સ્થિત બેંક ઓફ બરોડામાં કામઅર્થે ગયા હતા. બેંકમાં ચેક ભરીને તેઓએ રૂ.૬૦ હજાર ઉપાડ્યા હતા. રૂપીયા બ્રીફકેસમાં મુકીને બાજુમાં ઈન્ડીયન બેંકમાં ગયા હતા. ત્યારબાદ ઈન્ડીયન બેંકમાં કામ પુરુ થઈ ગયા પછી બેંક ઓફ બરોડામાં ગયા હતા. ત્યાં બેંકમાં નોકરી કરતા રેખાબેન પાસે નોમીનેટ અંગેની ચર્ચા કરતા હતા.તે સમયે તેઓએ બ્રીફકેસ નીચે મુકી હતી. આ દરમિયાન તેમની નજર ચુકવીને કોઈ અજાણ્યો વ્યકિત રૂપીયા અને જરુરી કાગળો ભરેલી બ્રિફકેસ લઈ નાસી ગયો હતો. થાડીવાર પછી મનોજભાઈને બેગ ચોરી થઈ ગઈ હોવાની જાણ થઈ હતી. જેથી બેંકમાં આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. પરંતુ બેગનો ક્યાંક પત્તો લાગ્યો ન હતો.બાદમાં તેઓએ બેંક મેનેજરને જાણ કરતા બેંકના સીસીટીવી કેમેરા ચેક કરતા એક શખ્સ બ્રીફકેસ ચોરીને જતો દેખાય છે. ચોરી અંગે મનોજકુમારની ફરીયાદને પગલે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## આજે સંસ્કાર ગ્રુપ દ્વારા હોળીની ઉજવણી

ગાંધીનગર,તા. ૪

સંસ્કાર ગ્રુપ દ્વારા રવિવારે તારીખ ૫મીના રોજ હોળી પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જે સે. ૭ના બગીચામાં સવારે ૯ થી ૯.૪૫ વાગે યોજાશે.




ગાંધીનગર શહેરની આસપાસ હજુ ઘણા સ્થળોએ જંગલ જોવા મળી જાય છે. જેમાં વાંદરાઓ અને નીલગાય જેવા પ્રાણીઓની સંખ્યા સવિશેષ જોવા મળે છે. ઉનાળામાં જ્યારે આ વિસ્તારમાં પાણી અને ખોરાકની અછત સર્જાય ત્યારે નીલગાયનું ઝુંડ શહેર તરફ આવી જાય છે. ચ-૩ ના સર્કલ પર તો નીલગાયના ઝુંડે જાણે અડ્ડો જમાવી દીધો છે. આ વિસ્તાર તેમના માટે સલામત વિસ્તાર બની રહ્યો છે.

## ગાંધીનગરની વરિષ્ઠ માહિલા ખેલાડીઓ માટે વિવિધ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૦૪

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન આઝાદી કા અમૃત મહોત્સવ, યુ-૨૦ અને વિશ્વ મહિલા દિવસ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરીટ ઓફ ગુજરાત દ્વારા જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી ખાતેથી જિલ્લા કક્ષા સીનિયર સીટીઝન એટલે કે ૬૦ વર્ષથી ઉપર વય ધરાવતી મહિલાઓ માટે વિવિધ રમતગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં એથ્લેટીકસ, યોગાસન, ચેસ અને રસ્સાખેંચની સ્પર્ધાઓ યોજવામાં આવશે.

વરિષ્ઠ મહિલાઓની રમતગમત સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી જિલ્લા રમત પ્રશિશણ કેન્દ્ર, મહાત્મા વિદ્યામંદિર ગોવર્ધન હવેલીની સામે સેકટર-૨૧, ગાંધીનગર ખાતેથી કચેરી સમયે સ્પર્ધાના ફોર્મ મેળવી તા.૧૩/૦૩/૨૦૨૩ સુધીમાં ફોર્મ ભરી અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેશે. ભાગ લેનાર ખેલાડીઓના આવનાર એન્ટ્રીના આધારે કાર્યક્રમની તારીખની જાહેરાત પછી કરવામાં આવશે. વધુ વિગત માટે જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરીના ડિસ્ટ્રીક કોચ રત્નદીપ સોલંકી, મો.૯૭૨૫૮૧૯૨૪૨ ઉપર સંપર્ક કરવા જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

## ઈસનપુર મોટા, મગોડી, મહુન્દ્રા અને ધણપ ખાતે સી.બી.સી. કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા. ૪

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકારીતા મંત્રી અમિત શાહની પ્રેરણાથી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક લી. દ્વારા સમાજમાં સૌથી વધુ મહિલાઓને પડતી આરોગ્યલક્ષી સમસ્યા, જાગૃતિ કેળવવા અને પ્રશિક્ષણ આપવા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત અને અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક લી.ના સંયુક્ત ઉપક્રમે ૧૮ વર્ષથી ઉપરની મહિલાઓ માટે પેથોલોજીકલ લેબોરેટરીનો સી.બી.સી. ટેસ્ટ નિઃશુલ્ક સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મગોડીની ૧૫૭ મહિલાઓ, ઈસનપુર મોટા ૧૩, મહુન્દ્રા ૧૯૪ અને ધણપ ગામે ૨૩૮ એમ કુલ ૬૫૯ મહિલાઓએ HB., WBC, MCV, MCH અને પ્લેટલેટ્સનું સમયસર નિદાન ટેસ્ટ કરાવ્યા હતા. ઈસનપુર મોટા ખાતે રમેશભાઈ પટેલ ચેરમેન, ગિરીશભાઈ આર. પટેલ મંત્રી, કડવાભાઈ એસ. પ્રજાપતિ બેંક મેનેજર-લોન, જીતુભાઈ શાહ સિનિયર બેંક મેનેજર, રાકેશભાઈ પટેલ જયારે ધી ધણપ સેવા સહકારી મંડળીના ચેરમેન યુવરાજસિંહ રાણા સેક્રેટરી પ્રદિપસિંહ રાણા, મહુન્દ્રા ગામે સરપંચ નરેન્દ્રસિંહ સોલંકી, મગોડી સેવા સહકારી મંડળીના ચેરમેન અમૃતભાઈ પટેલ, કલાર્ક રસિકલાલ રાવલ, મેનેજર સમીરભાઈ તથા સરપંચ ગિરીશભાઈ પટેલ વગેરે મહાનુભાવોએ ટેસ્ટ કેમ્પમાં સંપૂર્ણ સાથ સહકાર આપ્યો હતો. આ કેમ્પમાં એ.એફ.સી. નોડલ ઓફિસર રાકેશભાઈ એચ. પટેલે કેમ્પની સફળતા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

## આઈનોકસ થિયેટરના પાર્કિંગમાંથી એકાઉટન્ટના બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરમાં બાઈક ચોરીનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. ત્યારે શહેરના સેકટર-૧૬ આઈનોકસ થિયેટરના પાર્કિંગમાંથી સિનેમામાં ફરજ બજાવતા એકાઉટન્ટના બાઈકની ચોરી થવા પામી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતીવિગત મુજબ શહેરના સેકટર-૨૦ પ્રમુખ પ્લાઝા ફ્લેટ નં.૨ સી ખાતે સૈયદખાન રઝાકભાઈ પઠાણ સેકટર-૧૬ આઈનોકસ થિયેટરમાં એકાઉટન્ટ તરીકે ફરજ બજાવે છે. યુવક પાસે રહેલુ બાઈક નં. જી.જે.૧૨.એ.એફ.૬૫૮૫ છે. ગત તા.૧ માર્ચના રોજ તે યુવક બપોરે ૪ વાગે નોકરી પર આવતા નીચે પાર્કિંગમાં બાઈક પાર્ક કર્યુ હતુ. જયારે રાત્રીના ૮ વાગે ઘરે જતા જે સ્થળ પર બાઈક પાર્ક કર્યુ હતુ તે જગ્યા પર ન હતુ.જયારે આ બાઈક અંગે આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા મળી આવ્યું ન હતું. યુવકે રૂ.૧૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# સાયન્સ કાર્નિવલમાં એક લાખથી વધુ મુલાકાતીઓ-વિદ્યાર્થીઓ જોડાયા

### વિશ્વના સૌથી મોટા સાયન્સ પાર્ક - ગુજરાત સાયન્સ સિટી ખાતે યોજાયેલા કાર્નિવલમાં પ્રત્યક્ષ અને પરોક્ષ મોટી હાજરી નોંધાઇ

ગાંધીનગર, તા.૪

ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી તથા ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા ગુજરાત સાયન્સ સિટી ખાતે તા.૨૮ ફેબ્રુઆરીથી તા.૪ માર્ચ સુધી પાંચ દિવસીય સાયન્સ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વૈજ્ઞાનિક સંસ્થાઓ, શાળા અને કૉલેજના વિદ્યાર્થીઓ, રાજ્ય અને દેશના પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકો અને શિક્ષણવિદો સાથે વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ અને




કાર્યક્રમોની શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્નિવલમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે થઈને એક લાખથી વધુ મુલાકાતીઓ-વિદ્યાર્થીઓ જોડાયાં હતાં. સાયન્સ કાર્નિવલમાં વૈજ્ઞાનિક પ્રદર્શનો, સાઉન્ડ અને લાઈટ શો, થ્રિડી રંગોલી શો, પ્લેનેટોરિયમ શો, સાયન્સ મેજિક શો, સાયન્સ લેક્ચર, હેન્ડ્સ-ઑન પ્રવૃત્તિઓ, વર્કશોપ, ગૂગલ સેમિનાર્સ, અવકાશ અવલોકન કાર્યક્રમ અને વિજ્ઞાન થીમ આધાર પેવેલિયન માટે માર્ગદર્શન પ્રવાસ જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

સાયન્સ કાર્નિવલમાં તા.૧ અને ૨ માર્ચના રોજ યોજાયેલ ગૂગલ સેમિનારમાં બાળકોને ઈન્ટરનેટ ઉપયોગની મૂળભૂત બાબતો અને સુરક્ષા વિષે જાણકારી આપવામાં આવી હતી. વિવિધ પ્રવૃતિઓ અને ગેમ્સ દ્વારા વર્કશોપમાં ઓનલાઈન ફ્રોડ ઓળખાતા, વ્યક્તિગત માહિતીની ઓનલાઈન સુરક્ષા, જવાબદારીભર્યો ઉપયોગ વગેરે મૂળભૂત બાબતો શીખ્યા હતાં.

## અસ્મિતા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૪

અસ્મિતા એજ્યુકેશન એન્ડ



ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રધ્ધાદિપ બ્લડ બેન્કના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવા મિત્રોએ બ્લડ ડોનેશન કેમ્પમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. અસ્મિતા એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડો.ભાસ્કર શુક્લએ બ્લડ ડોનેશન કર્યું હતું.

યુવાનોનો અક્ષર પબ્લીકેશન દ્વારા ગુજરાતી/અંગ્રેજી ગ્રામરના સ્પાર્ધાત્મક પરીક્ષાના પુસ્તકો તેમજ શ્રધ્ધાદીપ બેન્ક દ્વારા મોમેન્ટો અર્પણ કરાયા હતા. શ્રધ્ધાદીપ બ્લડ બેન્કના મહેન્દ્રભાઈ ગજ્જર તેમજ અસ્મિતા એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખ ડો.જે.એ.સરવૈયા ઉપસ્થિત રહયા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.